# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261)2662903, Fax No: 2662902, Email-suratdeo@gmail.com

જા.નં:મા-૧/૨૦૨૪/૫૫૬૩ તા.૨૧/૦૫/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ. સુરત.

**વિષય:** ઉ.મા.પ્ર.પરીક્ષા, માર્ચ-૨૦૨૪, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુ.પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત મધ્યમાના તેમજ GSOS ઉમેદવારોના પરિણામ (માર્કશીટ/ પ્રમાણપત્ર/S.R./ એનરોલસર્ટી) વિતરણની વ્યવસ્થા બાબત.

**સંદર્ભ:** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: મઉમશબ/ક-૧/સા.પ્ર./૨૦૨૪/૩૧૪, તા.૨૦/૦૫/૨૦૨૪.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ઉ.મા.પ્ર.પરીક્ષા, માર્ચ-૨૦૨૪, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુ.પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત મધ્યમાના તેમજ GSOS ઉમેદવારોના પરિણામ (માર્કશીટ/ પ્રમાણપત્ર/S.R./ એનરોલસર્ટી) વિતરણ માટે જિલ્લા કક્ષાએ **તા. ૨૨/૦૫/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ કલાક થી ૧૪:૩૦ કલાક સુધી ટી. એન્ડ ટી. વી. હાઇસ્કૂલ, નાનપુરા, સુરત** ખાતે વિતરણ કેમ્પનું આયોજન કરેલ છે.

સદર વિતરણ કેમ્પમાં આપની શાળાના જવબદાર કર્મચારીએ રૂબરૂ ઓથોરીટી લેટર સાથે અચૂક ઉપસ્થિત રહી આપની શાળાને લગત તમામ સાહિત્ય સ્વીકારવાનું રહેશે. તેમજ ઉક્ત સંદર્ભપત્રની સૂચના અનુસાર ધોરણ – ૧૨ સમાન્ય પ્રવાહના તમામ વિદ્યાર્થીઓને તા. ૨૩/૦૫/૨૦૨૪ ના રોજ સાંજ સુધીમાં માર્કશીટ મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. આપની શાળા વિતરણ કેમ્પમાં સમયસર હાજર રહેશે નહી તો નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

Scanned with CamScanner